# ૬૦૦ બેડની સિવિલ હોસ્પિટલના આઠમા માળે આગ લાગતા દોડધામ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આઠમા માળે ગતમોડી રાત્રીના સમયે આગ ભભુકી ઉઠી હતી. કોઈ વ્યકિતએ બીડી પીને



દિવાસળી નાંખતા પંખીનો માળો કે સામાન્ય કચરામાં આગ લાગી હતી. આગના ધુમાડાને પગલે દર્દીઓ અને સ્ટાફના કર્મચારીઓમાં પણ ભય ફેલાયો હતો. જો કે ફાયર કર્મચારી અને રાજદીપના સુપરવાઈઝરની સમય સુચકતાને પગલે આગ પર ફાયર એસ્ટીંગગ્યુઝર અને પાણી છાંટી આગ પર કાબુ મેળવી લીધો હતો અને આગને વધુ પ્રસરતા અટકાવી દીધી હતી. જો કે બનાવની જાણ થતા ફાયર ટીમના જવાનો સિવિલ આવી પહોંચ્યા હતા.જયારે બનાવની જાણ થતા ૬૦૦ બેડની ઈમારત ખાતે જીએમઈઆરએસના સીઈઓ ડો. બિપિન નાયક, સિવિલના સુપ્રિટેન્ડન્ટ ડો.નિયતિબેન લાખાણી, આરએમઓ ડો. સુધાબેન, ડો.કલ્પેશ જશપરા પણ દોડી આવ્યા હતા. સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સોમવારના રોજ રાત્રીના સાડાનવ વાગ્યાના અરસામાં ૬૦૦



બેડની હોસ્પિટલમાં ફીમેલ મેડીસીન વોર્ડમાં એડમીટ દર્દીના સગાએ લોબીમાં બીડી પીને તેમને દિવાસળી નીચે નાંખી હતી. ત્યારે આ દિવાસળી સાતમા માળના છજા પર કબુતરે માળો બાંધ્યો હોય ત્યાં જઈને પડતા જ જોતજોતામાં આગ લાગી હતી. માળો અને આસપાસ રહેલ અન્ય ચીજવસ્તુ પણ આગમાં બળી ગઈ હતી. આગના બનાવની જાણ થતા હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના સગાઓ દોડતા થઈ ગયા



હતા. જો કે ફાયર કર્મચારી શંકરભાઈએ ફાયર એસ્ટીંગ્યુઝર અને રાજદીપ એજન્સીના સુપરવાઈઝર કૌશીક આસોડીયા સહિત અન્ય કર્મચારીઓએ પાણીની ડોલો ભરીને છંટકાવ કરીને આગ પર કાબુ મેળવી લીધો હતો. આગ બુઝાતા દર્દીઓ અને હોસ્પિટલ તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

જયારે આગ નાની હોવાથી અને હાજર કર્મચારીઓની સમય સુચકતાને પગલે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી. જયારે બનાવની જાણ થતા સિવિલના સત્તાધિશો સહિત રાજદીપ એજન્સીના સુપરવાઈઝર પંકજ આગજા અને વિરમ દેસાઈ પણ તાત્કાલીક સિવિલ આવી પહોંચ્યા હતા. જયારે સિવિલમાં ધુમ્રપાન કરવાની મનાઈ છે. તેમ છતા દર્દીના સગાઓ વોર્ડ કે લોબી સાઈડમાં બીડી કે સીગારેટ પીતા હોય છે ત્યારે તેમની સામે સિવિલ તંત્રએ કડક કાર્યવાહી કરવાની તાતિ જરુરીયાત છે.

## નવા સચિવાલયમાં પાર્કીગ નિર્માણ માટે ૯૨ વૃક્ષોની કટોતી કરાશે

**સચિવાલયમાં બ્લોક નં -૯ સામે પાર્કીંગ પ્લેસ તૈયાર કરવા માટે વૃક્ષોનો સોથ વળશે પ્રકૃતિ પ્રેમીઓમાં નારાજગી**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે હરિયાળીનો ભોગ લેવાઈ રહ્યો છે. સ્માર્ટ સીટીના અનેકવિધ પ્રોજેકટ અન્વયે હરિયાળા વૃક્ષોની કટોતી કરવામાં આવતા સમયાંતરે પ્રકૃતિ પ્રેમીઓ પણ આ મામલે ઉગ્ર રોષ ઠાલવતા નજરે પડે છે. શહેરમાં માર્ગ વાઈડનીંગની કામગીરીને અનુલક્ષીને પણ અત્યાર સુધી સેંકડો વૃક્ષોનો ભોગ લેવાયો છે. જયારે હવે પાર્કીંગ પ્લેસ તૈયાર કરવા માટે પણ વધુ વૃક્ષોની કટોતી થશે. નવા સચિવાલયના બ્લોક નં - ૯ પાસે પાર્કીંગ તૈયાર કરવા માટે અંદાજિત ૯૨ વૃક્ષોની કટોતી કરવા માટે તંત્રએ વનવિભાગને મંજુરી આપવા માટે દરખાસ્ત કરી છે.

ગાંધીનગરમાં પાર્કીંગની સમસ્યા શહેરના વિવિધ સેકટરો ઉપરાંત સરકારી કચેરીઓમાં પણ શિરદર્દ સમાન બની રહી છે. પાર્કીંગ વ્યવસ્થાના અભાવે ઠેર ઠેર આડેધડ વાહનોનો ખડકલો જોવા મળે છે. બીજીતરફ શહેરને સ્માર્ટ બનાવવા અનેકવિધ ઠેકાણે અવનવા પ્રોજેકટસનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના કોર્મશિયલ વિસ્તાર સહીત સરકારી કચેરીઓમાં પણ પાર્કીંગની સમસ્યાએ અજગર ભરડો લીધો છે. નવા સચિવાલય સંકુલમાં પણ મુલાકાતીઓની સંખ્યા સામે પાર્કીંગની પર્યાપ્ત વ્યવસ્થાનો હજુ અભાવ વર્તાય છે. શહેરમાં વિવિધ કામગીરીના લીધે હરિયાળા વૃક્ષોનો પણ સોથ વળી રહ્યો છે. માર્ગોના નવિનીકરણ તેમજ નવા બિલ્ડીંગો બાંધવા સહીત અનેકવિધ કામગીરીમાં હરિયાળા વૃક્ષોનો ભોગ લેવાય છે. સેકટરોમાં પણ અપ્રોચ માર્ગોના વાઈડનીંગ અને રીંગ રોડની કામગીરી દરમિયાન સેંકડો વૃક્ષોની કટોતી થઈ છે. જયારે હવે નવા સચિવાલયમાં પાર્કીંગ પ્લેસ ઉભુ કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે આ પાર્કીંગ પ્લેસ માટે હરિયાળા વૃક્ષોની કટોતી કરવામાં આવશે. નવા સચિવાલયમાં બ્લોક નં -૯ પાસે પાર્કીંગ પ્લેસ બનાવાનુ આયોજન કરાયુ છે. સચિવાલયના ગેટ નં - ૪ પાસે આ પાર્કીંગ બનાવાશે જયારે પાર્કીંગ પ્લેસ તૈયાર કરવા માટે અંદાજિત ૯૨ જેટલા વૃક્ષોની કટોતી કરવામાં આવશે.

નવા સચિવાલય સંકુલમાં પાર્કીંગ પ્લેસ તૈયાર કરવા માટે વૃક્ષોની કટોતી કરવા માટે વનતંત્ર પાસે મંજુરી માંગવામાં આવી છે. વૃક્ષોની કટોતી મામલે તંત્રને દરખાસ્ત કરવામાં આવી છે. નવા સચિવાલયમાં હરિયાળા વૃક્ષોની કટોતી મામલે અગાઉ પણ વિરોધ ઉઠવા પામ્યો હતો શહેરમાં સ્માર્ટ વિકાસને વેગ આપવા માટે છાશવારે હરિયાળા વૃક્ષો કાપવામાં આવે છે. જયારે આ સ્થિતિ વચ્ચે સચિવાલય સંકુલમાં પણ વૃક્ષોની કટોતી કરવામાં આવશે. નગરના પ્રકૃતિ પ્રેમીઓ હરિયાળીનો સોથ વાળવાની આ નિતી સામે અનેકવાર આક્રોશ વ્યકત કરે છે. એકબાજુ હરિયાળી નિખારવા માટે નવા રોપાઓ ઉછેરવામાં આવી રહ્યા છે. પરંતુ વિવિધ કામોના બહાના હેઠળ હરિયાળા વૃક્ષોનુ છેદન થતુ રહેતા પ્રકૃતિ પ્રેમીઓની નારાજગી વધતી જાય છે.

## શહેરમાં ત્રણ ઠેકાણે પાર્કીંગ પ્લેસની ડીઝાઈનમાં સુધારણા કરવા કામ હાથ ધરાયુ

**પાર્કીંગમાં વરસાદી પાણીનો ભરાવો અટકાવવા તેમજ વધુ વાહનો પાર્ક થઇ શકે તે મુજબની કામગીરી કરાશે : સે-૬ માં કામ પુર્ણ , સે-૧૬ અને સે-૧૧ માં પણ એક જ લાઇનમાં વધુ વાહનો પાર્ક થઇ શકે તે મુજબ પાર્કીંગમાં ફેરફાર કરાશે**

ગાંધીનગર તા ૭

ગાંધીનગરમાં મેગા સીટીની જેમ વાહનોની સંખ્યા વધી રહી છે. જેના લીધે માર્ગો પર ટ્રાફિકનો સતત ધમધમાટ જોવા મળે છે. પરંતુ શહેરમાં પર્યાપ્ત પાર્કીંગ વ્યવસ્થાના અભાવે નગરની સરકારી કચેરીઓ સહીત કોર્મશિયલ વિસ્તારમાં પણ આડેધડ વાહનોનો ખડકલો જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે અગાઉ નિર્માણ કરાયેલા પાર્કીંગ પ્લેસ પણ દુવિધાઓથી ઘેરાયેલા છે. આ પાર્કીંગ પ્લેસ પર દબાણોની ભરમાર હોવાથી સાંકડા સર્વિસ રોડ પર વાહનોનો ખડકલો થાય છે. વરસાદી દિવસો દરમિયાન પાર્કીંગમાં જળબંબાકાર જોવા મળે છે. આ સમસ્યાને નિવારવા અને વધુ વાહનો એક લાઈનમાં પાર્ક થઈ શકે તે માટે શહેરમાં સે-૬, સે-૧૬ અને સે-૧૧ માં પાર્કીંગ સુધારણાનુ કામ હાથ ધરાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર શહેરમાં વધતા વાહનોની સંખ્યાના લીધે માર્ગો પર ટ્રાફિકનો સિનારીયો બદલાયો છે. શહેરના માર્ગો પર હવે મેગા

● અનુસંધાન પાન-૭ પર

## ગુડામાં આઉટસોર્સથી નોકરી કરતા કર્મચારીઓના પગારમાં ૧૫ ટકાનો વધારો

**ટુંકા ગાળાની નોકરી હોય તેવા કિસ્સામાં ૫ ટકાનો વધારો : લાંબા સમયની રજુઆતના અંતે કર્મચારીઓને ન્યાય મળ્યો**

ગાંધીનગર તા ૭

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળમાં આઉટસોર્સથી નોકરી કરતા કર્મચારીઓના પગારમાં ૧૫ ટકાનો વધારો મંજુર કરી દેવાયો છે. જેમાં ટુંકા ગાળાની નોકરી ધરાવતા હોય તેવા કર્મચારીઓના પગારમાં ૫ ટકાનો વધારો થયો છે. આઉટ સોર્સના કર્મચારીઓની લાંબા સમયની રજુઆતને ન્યાય મળતા કર્મચારીઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને વિવિધ પગારપંચનો લાભ મળે છે. જયારે વધતી મોંઘવારીના દિવસોમાં આઉટ સોર્સિંગથી કામ કરતા કર્મચારીઓને ટુંકા પગારમાં બજેટ ગોઠવવાનુ મુશ્કેલ બને છે. ઘર ચલાવવા માટે અને પરિવારજનોની જરૂરિયાત સંતોષવા આઉટ સોર્સના કર્મચારીઓએ લાંબા સમયથી પગાર વધારાની માંગણી ઉઠવી હતી. આખરે ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના કર્મચારીઓના આઉટ સોર્સ કર્મચારીઓના પગારમાં ૧૫ ટકાનો વધારો મંજુર કરી દેવાયો છે. જયારે જેમની નોકરી ટુંકા ગાળાની હોય તેમના પગારમાં પાંચ ટકાનો વધારો કરાયો છે. આ ઉપરાંત કરાર આધારિત વય નિવૃત કર્ચમારીઓને લેવામાં આવ્યા હોય તેમને ડ્રાઈવર અને પટ્ટાવાળાને ઔડાના ધોરણે પગાર વધારો આપવામાં આવ્યો છે. જયારે આઉટ સોર્સના જે


● અનુસંધાન પાન-૭ પર

## કોંગી અગ્રણી અને પૂર્વ પંચાયત પ્રમુખ જશુભા રાણાનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના દિગ્ગજ નેતા પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ, પૂર્વ જિલ્લા કોંગ્રેસ તેમજ પ્રદેશ કોંગ્રેસના પૂર્વમંત્રી જશુભા પી. રાણાનું આજે દુઃખદ અવસાન થયુ છે.

૧૯૮૯ થી ૧૯૯૩ દરમ્યાન તેઓએ ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનપદે પણ તેઓ રહ્યા હતા.



તેમના દુઃખદ અવસાનના સમાચાર વાયુવેગે જિલ્લામાં પ્રસરતાં કોંગીજનોમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. સક્રિય રાજકારણ સાથે તેઓ સહકારી પ્રવૃત્તિમાં પણ એટલા જ સક્રિય હતા. ગાંધીનગર નાગરિક બેંકના ડિરેકટર પદે પણ તેઓ રહ્યા હતા અને ચેરમેન તરીકેનો કાર્યભાર પણ સંભાળ્યો હતો.

સ્વ. જશુભા રાણા તેમના મિલનસાર સ્વભાવને લઈ કાર્યકરોમાં "ભા" ના હુલામણા નામથી વધારે પરિચિત હતા. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના સંગઠન ઉપરાંત પક્ષની વિચારધારાના વિસ્તાર માટે તેમનુ યોગદાન આગવુ રહ્યુ છે.

પંચાયતી રાજ વ્યવસ્થાને મજબુત કરવા માટે તેઓએ વારંવાર સરકારમાં રજુઆતો કરી હતી. ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા મકાન માટે પણ તેઓ સતત રજુઆત કરતા રહ્યા હતા.

સ્વ. જશુભા રાણાની અંતિમયાત્રા તેમના નિવાસસ્થાન રઘુકુલ ફાર્મ ધણપ ખાતેથી નીકળી હતી. તેમની અંતિમ યાત્રામાં અનેક કાર્યકરો આગેવાનો સહકારી આગેવાનો વેપારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## શહેરમાં ગઈકાલની તુલનામાં કોરોનાના કેસોમાં નજીવો વધારો

**શહેરમાં ૧૩૧ નવા કેસ નોંધાયા : સારવાર દરમ્યાન એક દર્દીનું મોત : શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સરગાસણમાં ૧૬ કેસ, કુડાસણમાં ૯ કેસ, વાવોલમાં ૭ કેસ નોંધાયા : શહેરના સે. ૨ માં ૧૬ કેસ, સે. ૨૭, ૬ અને સે. ૧ માં ૬-૬ કેસ, સે. ૧૯ અને ૩૦માં ૫-૫ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસમાં આજે નજીવો વધારો થયો છે. શહેરમાં કોરોનાના આજે વધુ ૧૩૧ કેસ નોંધાયા છે. ગઈકાલની તુલનામાં ૧૦ કેસ વધ્યા છે. શહેરમાં કેસોની સંખ્યામાં થઈ રહેલી વધ-ઘટ એ તંત્રની ચિંતાનો મુદ્દો છે. આજે નોંધાયેલા કેસમાંથી એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં આજે વધુ એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. સે. ૨૫માં રહેતા એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. આ દર્દીને કોરોના ઉપરાંત કેન્સરની પણ બિમારી હોવાનું જાણવા મળેલ છે.

આજે દર્દીના થયેલા મોત સાથે શહેરમાં કોરોનાની ત્રીજી લ્હેરમાં મૃત્યુઆંક ૮ થયો છે. શહેર-જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૪ દર્દીના મોત થયા છે. જેમાં ૮ શહેરમાં અને ૬ ગ્રામ્ય વિસ્તારના દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૫૫ મહિલા દર્દીઓ છે. ૧૬ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે જ્યારે ૧૬ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના છે. શહેરમાં મહિલાઓ, બાળદર્દી તેમજ વયસ્કો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે પણ ૧૦ વર્ષ કે તેથી ઓછી વયના પાંચ બાળકો સંક્રમિત થયા છે. સે. ૧૭ માં બે બાળદર્દી નોંધાયા છે.

રાયસણમાં ૧૦ વર્ષની દિકરી, સે. ૧૭ માં સવા વર્ષનો દિકરો, સે. ૧૭માં ૩ વર્ષની દિકરી, સે. ૩૦ માં ૪ વર્ષનો દિકરો અને સે. ૬ માં ૮ વર્ષની દિકરી સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૩૦ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મોટા ભાગના દર્દીઓને માઈલ્ડ સિમ્ટમ્સ હોવાથી હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તંત્રએ તાકીદ કરી છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર સરગાસણમાં ૧૬ કેસ, કુડાસણમાં ૯ કેસ, વાવોલમાં ૭ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત ઝુંડાલ, પાલજ અને રાંદેસણમાં ૫-૫ કેસ, રાયસણમાં ૪ કેસ, પેથાપુરમાં ૩ કેસ તેમજ જીઈબીમાં એક કેસ નોંધાયેલ છે.

શહેરના સે. ૨ માં આજે ૧૬ કેસ, સે. ૨૭, ૬ અને સે. ૧ માં ૬-૬ કેસ, સે. ૧૯ અને ૩૦માં ૫-૫ કેસ નોંધાયા છે. સે. ૫, ૨૩, ૨૯, ૧૭ માં ૩-૩ કેસ, સે. ૨૬માં ૪ કેસ, સે. ૨૨, ૧૨, ૧૪, ૯ માં ૨-૨ કેસ નોંધાયા છે. સે. ૩, ૪, ૮, ૨૦, ૨૧ માં પણ કેસો નોંધાયા છે.

શહેરમાં આજે ૨૮૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ ૮૦ ટકાએ પહોંચ્યો છે. શહેરમાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યાનો તંત્રના સૂત્રોએ દાવો કર્યો છે.

શહેરમાં ૧૩૦૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાંથી મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૩૦ કેસ નોંધાયા

**ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧ કેસ, ગાંધીનગરમાં ૧૮ કેસ, કલોલમાં ૮ કેસ અને માણસામાં ૩ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે સતત બીજે દિવસે પણ કોરોનાના કેસમાં ઘટાડો નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે વધુ ૩૦ કેસ નોંધાયા છે.

ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોની સંખ્યામાં સતત વધ-ઘટ જોવા મળી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ દર્દીને સઘન સારવાર જરૂરી જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ૭ દર્દી ૬૦ કે તેથી વધુ વય ધરાવતા છે. પાંચ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે. ૧૦ વર્ષ કે તેથી ઓછી વયનો એક દર્દી છે. ગાંધીનગરના દંતાલી ગામે ૭ વર્ષનો દિકરો સંક્રમિતોની યાદીમાં છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧ કેસ, ગાંધીનગરમાં ૧૮ કેસ, કલોલમાં ૮ કેસ અને માણસામાં ૩ કેસ નોંધાયા છે. દહેગામ તાલુકાના રખિયાલમાં એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગર તાલુકામાં શાહપુર, પ્રાંતિયા, અડાલજ અને ત્રિમંદિર ખાતે બે-બે કેસ નોંધાયા છે. આ ઉપરાંત શિહોલી, ધરમપુર, સાદરા, મોટા-ચિલોડા, ચંદ્રાલા, ચિલોડા, નવા પાલજ અને વલાદ ખાતેથી પણ કેસો મળી આવ્યા છે. કલોલ તાલુકામાં બોરીસણામાં બે કેસ, શાંતિગ્રામમાં બે કેસ નોંધાયા છે. આ ઉપરાંત જાસપુર, રાંચરડા, પલોડિયામાંથી પણ કેસ મળી આવેલ છે. માણસા તાલુકામાં ખરણા, ચડાસણા અને મંડાલીમાં કેસો નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કેસો ઘટ્યા છે પણ ટ્રેસીંગની કામગીરી સઘન કરી હોવાથી આજે પણ ૬૩૦૦ થી વધુ લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

## રાજ્યભરમાં ૨૪ થી ૨૬ ફેબ્રુઆરી દરમ્યાન ગરીબ કલ્યાણ મેળા યોજાશે

**ગાંધીનગર જિલ્લાનો ગરીબ કલ્યાણ મેળો ૨૫મીએ યોજાશે**

ગાંધીનગર, તા. ૭

રાજ્ય સરકારે આગામી ૨૪ થી ૨૬ ફેબ્રુઆરી દરમ્યાન આખા રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવાનો નિર્ણય લીધો છે.

ગરીબ કલ્યાણ મેળામાં સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભ પ્રધાનમંત્રી આવાસ યોજનાના મંજૂરી પત્રો તેમજ ભૂમિપૂજન જેવી બાબતોને વણી લેવામાં આવશે. આ માટે વ્યક્તીગત યોજનાઓના લાભાર્થીઓને લાભ મળે તે માટે કલેક્ટરના અધ્યક્ષપદે સમિતિ રચવામાં આવશે. મેળાની સંપૂર્ણ વ્યવસ્થા કલેક્ટર દ્વારા કરવામાં આવશે. આ મેળામાં પ્રભારીમંત્રી તથા મહાનુભાવો હાજર રહે તે અંગેની વ્યવસ્થા પણ કલેક્ટરે જ કરવાની રહેશે. મુખ્યમંત્રી ૨૪મીએ દાહોદ, ૨૫મીએ મોરબી અને ૨૬મીએ અમરેલી ખાતે ગરીબ કલ્યાણ મેળામાં હાજરી આપશે. અન્ય જિલ્લાઓમાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળામાં તેનુ જીવંત પ્રસારણ કરાશે. ૨૫મી ફેબ્રુઆરીએ ગાંધીનગર, રાજકોટ, આણંદ, ભરૂચ, ખેડા, મહેસાણા, સુરત, વડોદરા, કચ્છ, મોરબી અને અમદાવાદ મહાનગરપાલિકામાં ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવશે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા અલાયદો ગરીબ કલ્યાણ મેળો યોજાશે નહિ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com